# Navgujarat Samay

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

**Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 11 | Source: Bureau | Clip size (cm): W: 11 H: 11**

**Clip: 1 of 1**


# સ્કીપર લિમિટેડનું ₹50 કરોડનું ગુજરાત એકમ આજથી કાર્યરત

નવગુજરાત સમય > અમદાવાદ

શેરબજારમાં લિસ્ટેડ અને રૂ. ૧,૭૫૦ કરોડનું માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી સ્કીપર લિ.નું ગુજરાત એકમ બુધવારથી કાર્યરત થશે. કંપનીએ આ એકમ પાછળ વર્કિંગ કેપિટલ સહિત રૂ. ૫૦ કરોડનું રોકાણ કર્યું છે અને તે અમદાવાદની નજીક ચાંગોદરમાં સ્થાપવામાં આવ્યો છે. કંપની ગુજરાતસ્થિત એકમમાં વર્ષે ૧૦,૦૦૦ ટનની ક્ષમતાએ પીવીસી પાઈપ્સનું ઉત્પાદન કરશે. આ ઉપરાંત કંપની ચાલુ વર્ષે વધુ બે નવા એકમ ગૌહાટી અને ગાઝીયાબાદમાં સ્થાપશે અને કંપનીની કુલ ઉત્પાદન ક્ષમતા વધીને ૪૦,૦૦૦ ટનની થશે.

કંપની મુખ્યત્વે ટી એન્ડ ડી પાવર અને પીવીસી પાઈપ્સના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત છે. કંપનીના કુલ કામકાજમાં ટી એન્ડ ડી પાવરનો હિસ્સો ૭૫ ટકા છે અને પીવીસી પાઈપ્સનો ૨૫ ટકાનો છે. કંપનીએ પીવીસી પાઈપ્સના ઉત્પાદનની ક્ષમતાનું વિસ્તરણ કરતાં આગામી વર્ષોમાં તેનો હિસ્સો વધશે. ગુજરાતમાં નવો એકમ સ્થાપવા પાછળના કારણ જણાવતાં કંપનીના ડિરેક્ટર સિદ્ધાર્થ બંસલે જણાવ્યું હતું કે ગુજરાતમાં પીવીસી પાઈપ્સનું રૂ. ૧,૭૦૦ કરોડનું માર્કેટ છે અને તે ઝડપથી વિકસી રહ્યું છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની માગને સંતોષવામાં આવશે અને તેનાથી ફ્રેઈથ કોસ્ટમાં ઘટાડો થશે.

**દેશમાં પીવીસી પાઇપ્સનું માર્કેટ 18 લાખ ટન, અંદાજે ₹15,000 કરોડનું છે**

દેશમાં પીવીસી પાઈપ્સનું માર્કેટ ૧૮ લાખ ટન એટલે કે અંદાજે રૂ. ૧૫,૦૦૦ કરોડનું છે તે ૨૦૧૯માં વધીને રૂ. ૨૦,૦૦૦ કરોડને આંબશે. દેશની ઈકોનોમી ગ્રોથ ધીમો થતાં આગલા વર્ષોમાં ઉદ્યોગનો ગ્રોથ ધીમો થઈને ૪-૫ ટકા હતો તે હાલ વધીને ૭-૮ ટકાનો થયો છે અને આગામી વર્ષોમાં ગ્રોથ સુધરવાની આશા તેમણે વ્યક્ત કરી હતી.